E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 329 * Date: 19.09.2024,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગુજરાત બીમાર પડ્યું : ૨૦થી વધુ મોત, ડેન્ગ્યૂ, મલેરિયા, વાઇરલના ૧૦,૦૦૦ કેસ





ગત ૨૬ ઓગસ્ટથી ૪ દિવસ પડેલા ભારે વરસાદથી રાજ્યના અનેક વિસ્તારોમાં પૂર આવ્યાં હતાં, પરંતુ છેલ્લા ૧૦-૧૨ દિવસથી તડકો પડી રહ્યો હોવાથી મચ્છરોની ઉત્પત્તિ વધી છે, જેથી ઘરે ઘરે માંદગીના ખાટલા છે અને હોસ્પિટલોમાં લાઈનો લાગી છેહાલ ડેન્ગ્યૂ, મલેરિયા, ચિકનગુનિયા, ઝાડા-ઊલટી, તાવ, શરદી, ઉધરસ, કમળો, ટાઈફોઈડ સહિતની બીમારીઓએ માઝા મૂકી છે. આ બીમારીઓને કારણે સપ્ટેમ્બરમાં જ ૨૦થી વધુનાં મોત અને અંદાજિત ૧૦ હજારથી વધુ લોકો બીમાર પડ્યા છે. વરસાદમાં ચોતરફ પાણી, પૂર, બિસ્માર રોડ, ભૂવા બાદ હવે રોગચાળો વકરતાં જાણે કે તંત્ર પણ 'બીમાર' પડ્યું હોય એવી સ્થિતિ સર્જાઈ છે.

ગુજરાતમાં વાઈરલ ઈન્ફેક્શન, ઝાડા-ઊલટી, ડેન્ગ્યૂ અને મલેરિયાના કેસોમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. એક અંદાજ મુજબ વિવિધ બીમારીઓના ૧૦ હજારથી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. અહીં એક વાત સ્પષ્ટ કરવી જરૂરી બને છે કે આ આંકડો માત્ર શહેરની સરકારી હોસ્પિટલો પૂરતો જ સીમિત છે. જો એમાં ખાનગી હોસ્પિટલો, ખાનગી ક્લિનિક સહિત અન્ય સરકારી દવાખાનાંમાં નોંધાયેલા કેસના આંકડા ઉમેરવામાં આવે તો આ આંકડો ચિંતા ઊપજાવે એવો હોઈ શકે છે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદનું પ્રમાણ ઘટ્યું છે, પરંતુ ભેજયુક્ત વાતાવરણને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. એવામાં સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં મચ્છરજન્ય રોગ, વાઈરલ ઈન્ફેક્શન અને સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો નોંધાયો છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં ડેન્ગ્યૂ, મલેરિયાના કેસમાં મોટો વધારો નોંધાયો છે. આ ઉપરાંત ચિકનગુનિયાના કેસ પણ સમગ્ર વર્ષની સરખામણીમાં ગત ૧૫ દિવસમાં વધ્યા છે. ૧૫ દિવસ દરમિયાન ક્યારેક તડકો તો ક્યારેક ભેજયુક્ત અને વાદળછાયું વાતાવરણ રહેતાં ઠંડી અને ગરમી એમ બંને ઋતુનો અનુભવ થતાં વાઈરલ ઈન્ફેક્શનના કેસો પણ વધી રહ્યા છે.સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં વાઈરલ ઈન્ફેક્શનના ૪,૧૭૧ કેસ નોંધાયા હતા, જેમાંથી ગત ૨ સપ્તાહ દરમિયાન દર એક સપ્તાહમાં ૨૦૦૦થી વધુ વાઈરલ ઈન્ફેક્શનના કેસો ઓપીડી ખાતે નોંધાયા હતા. તદુપરાંત ઝાડા-ઊલટીના ૪૨, ટાઈફોઈડના ૧૧ અને કમળાના ૨૪ દર્દીએ સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી, એટલે કે હાલમાં પાણીજન્ય રોગ કરતાં મચ્છરજન્ય રોગચાળો વધારે ફેલાયેલો છે.૧૫ દિવસમાં સોલા સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂનાં લક્ષણો સાથે ૭૮ દર્દી સારવાર અર્થે આવ્યા હતા, જેમાંથી ૧૦ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. ડેન્ગ્યૂના ૧,૩૩૭ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં, જેમાંથી ૨૬૮ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. મલેરિયાનાં ૧,૮૨૨ સેમ્પલમાંથી ૬૨ તથા ચિકનગુનિયાના ૧૨૪ સેમ્પલમાંથી ૨૦ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.અમદાવાદમાં ઓગસ્ટમાં ડેન્ગ્યૂના ૨૪૭ કેસ નોંધાયા હતા ત્યારે સપ્ટેમ્બર મહિનામાં ૧૭ તારીખ સુધીમાં જ ૧૯૦ કેસ નોંધાયા છે, એટલે કે ડેન્ગ્યૂના કેસમાં ૨૫ ટકાનો વધારો થયો છે, જ્યારે મલેરિયા અને ઝેરી મલેરિયાના ઓગસ્ટમાં ૧૨૧ કેસ નોંધાયા હતા, જ્યારે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં ૬૨ કેસ નોંધાયા છે. ગત મહિને વાઈરલ ઈન્ફેક્શનના ૯૬૨ કેસ નોંધાયા હતા, જેની સામે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં ૩૫૦ કેસ નોંધાયા છે, એટલે કે કેસમાં ઘટાડો નોંધાયો છે. ચિકનગુનિયાના ઓગસ્ટમાં ૪૦ કેસ નોંધાયા હતા, જેની સામે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં ૧૭ કેસ નોંધાયા છે. કમળાના ઓગસ્ટમાં ૨૪૫ કેસ હતા, જેની સામે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં ૧૨૧ કેસ નોંધાયા છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રજનીશ પટેલે જણાવ્યું હતું કે વરસાદ ઓછો થયો છે, પરંતુ હજુ પણ ભેજવાળું વાતાવરણ છે, જેના કારણે મચ્છરજન્ય રોગમાં વધારો થઈ રહ્યો છે. લોકોએ મચ્છર ના કરડે એ બાબતની કાળજી રાખવી જોઈએ. શહેરમાં ડેન્ગ્યૂ અને મલેરિયાના કેસોમાં વધારો થયો છે.

## વન નેશન, વન ઈલેક્શનને લીલી ઝંડી

સમગ્ર દેશમાં એકસાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ કરાવવા માટે મોદી સરકાર આગળ વધી રહી છે. સ્ની આગેવાની હેઠળની કેબિનેટે ભારતમાં વન નેશન, વન ઈલેક્શનના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. બુધવારે મળેલી બેઠકમાં મોદી કેબિનેટે દેશમાં એકસાથે ચૂંટણી કરાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. રિપોર્ટ અનુસાર આ બિલ શિયાળુ સત્રમાં રજૂ કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



૨૦૧૪માં વન નેશન વન ઈલેક્શનનું વચન આપ્યું હતું.

કોવિંદ કમિટીના રિપોર્ટ પ્રમાણે કેટલાય રાજ્યોની ચૂંટણીના કેલેન્ડર બદલાશે. જેના પ્રમાણે ગુજરાત સહિત ૬ રાજ્યોનો કાર્યકાળ ૧૩થી ૧૭ મહિના ઘટશે. જેથી ગુજરાતમાં ૧ વર્ષ પહેલાં ચૂંટણી આવે તેવી શક્યતા છે.૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી આપેલા ભાષણમાં વડાપ્રધાને વન નેશન-વન ઈલેક્શનની પણ હિમાયત કરી હતી. તેમણે કહ્યું હતું કે વારંવાર ચૂંટણીઓ દેશની પ્રગતિમાં અવરોધ ઉભી કરી રહી છે. વન નેશન વન ઈલેક્શન પર વિચારણા કરવા માટે રચાયેલી પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની સમિતિએ ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. રિપોર્ટ ૧૮ હજાર ૬૨૬ પેજનો છે. આ પેનલની રચના ૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી.

## ૧૦ વર્ષ બાદ જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીનું આયોજન, પ્રથમ તબક્કે ૨૪ બેઠકો પર ૨૧૯ ઉમેદવાર ચૂંટણી મેદાને




૨૦૨૪: જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ લાંબા અંતરાલ પછી વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. વિધાનસભાની ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. પ્રથમ તબક્કામાં રાજ્યની ૨૪ વિધાનસભા બેઠકો પર સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે. જેમાં કાશ્મીરની ૧૬ અને જમ્મુની આઠ સીટોનો સમાવેશ થાય છે.પ્રથમ તબક્કાના મતદાન માટે સુરક્ષા દળો અને એજન્સીઓ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ચૂંટણી પંચે વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે પણ ખાસ વ્યવસ્થા કરી છે. દિલ્હી, જમ્મુ અને ઉધમપુરમાં વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે વિશેષ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે દિલ્હીમાં ૪, જમ્મુમાં ૧૯ અને ઉધમપુરમાં ૧ વિશેષ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં કુલ ત્રણ તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કામાં ૧૮મી સપ્ટેમ્બરે એટલે કે આજે મતદાન થઈ રહ્યું છે. બીજા તબક્કામાં ૨૫ સપ્ટેમ્બરે અને ત્રીજા તબક્કામાં ૧ ઓક્ટોબરે મતદાન થવાનું છે. આ તમામ તબક્કાના પરિણામો ૮ ઓક્ટોબરે આવશે. ૯૦ બેઠકો ધરાવતી વિધાનસભામાં ૧૩ મુખ્ય પક્ષો વચ્ચે હરિફાઈ જોવા મળશે. પ્રાદેશિક પક્ષોમાં મહેબૂબા મુફ્તીની આગેવાની હેઠળની પીડીપી અને ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની નેશનલ કોન્ફરન્સ આ ચૂંટણીમાં મુખ્યરૂપે મેદાને છે. નેશનલ કોન્ફરન્સ મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે.

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીના પ્રથમ તબક્કાની શરૂઆત થતાં જ લોકોને મતદાન કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું, 'જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની શરૂઆત સાથે, હું આજે મતદાન કરનાર તમામ મતવિસ્તારના લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવા અને લોકશાહીની ઉજવણીને મજબૂત કરવા વિનંતી કરું છું. હું ખાસ કરીને યુવા અને પ્રથમ વખતના મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરું છું.

## જમ્મુ-કાશ્મીરમાં મોટી દુર્ઘટના, સૈન્યનું વાહન ખીણમાં ખાબકતાં ૧ જવાન શહીદ, 3 ઈજાગ્રસ્ત

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે સેનાનું એક વાહન રસ્તા પરથી લપસીને ઊંડી ખીણમાં ખાબકી ગયું હતું. આ અકસ્માતમાં ૪ જવાનો ઘાયલ થયા હતા. માહિતી મળતાની સાથે જ સ્થાનિક ગ્રામજનો સાથે બચાવકર્મીઓએ તમામ ૪ ઘાયલ કમાન્ડોને બહાર કાઢ્યા અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કર્યા, જેમાં લાન્સ નાઈક બલજીત સિંહનું સારવાર દરમિયાન મોત થયું હતું.સેનાના એક અધિકારીએ જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં મંગળવારે સૈન્યનુંવાહન રસ્તા પરથી લપસીને ઊંડી ખીણમાં ખાબકી જતાં ચાર કમાન્ડો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સરહદી જિલ્લાના માંજાકોટ વિસ્તારમાં



મોડી રાતે આ અકસ્માત થયો હતો, જેના કારણે વાહનને વ્યાપક નુકસાન થયું હતું.તેમણે જણાવ્યું કે સ્થાનિક ગ્રામજનો સહિત બચાવકર્મીઓએ ઘાયલ ૪ કમાન્ડોને બહાર કાઢ્યા અને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કર્યા. જેમાંથી બેની હાલત નાજુક હોવાનું જણાવાયું હતું. હવે લાન્સ નાઈક બલજીત સિંહનું અવસાન થયું છે. ૯ સપ્ટેમ્બરના રોજ ભારતીય સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીનો બીજો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. જવાનોએ ઘૂસણખોરી કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

# ગુજરાતના રોકાણકારોની મૂડી ૭ લાખ કરોડ વધી

અમદાવાદ ભારતીય ઈક્વિટી માર્કેટમાં મજબૂત ગ્રોથ જળવાઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસમાં સેન્સેક્સ સરેરાશ ૧૧૦૦૦ પોઈન્ટ એટલે કે ૧૫% વધ્યો છે. કેપિટલ ગેઈન્સ ટેક્સમાં વધારાની ચિંતાઓ અને લોકસભા ચૂંટણીમાં ભાજપ પોતાના દમ પર બહુમતી ન મેળવી શકવા છતાં માર્કેટે મજબૂતી જાળવી રાખી છે. ૪ જૂનના રોજ સેન્સેક્સ ૭૨૦૭૯.૦૫ પોઈન્ટથી વધીને અત્યારે ૮૩૦૭૯ પોઈન્ટ પહોંચ્યો છે. જ્યારે રોકાણકારોની મૂડી ૩૯૫.૩૧ લાખ કરોડથી વધીને અત્યારે ૪૭૦.૩૦ લાખ કરોડ પહોંચી છે આમ સરેરાશ ૭૫ લાખ કરોડની મૂડીમાં વધારો થયો છે. ગુજરાતનો સરેરાશ ૧૦ ટકા હિસ્સો ગણીએ તો મૂડીમાં ૭ લાખ કરોડથી વધુનો વધારો થયો છે. માત્ર ઈક્વિટી જ નહિં પ્રાઈમરી માર્કેટમાં પણ ગુજરાતની કંપનીઓએ રોકાણકારોને સારુ રિટર્ન આપ્યું છે.મોદીના જન્મદિવસ સાથે સુસંગત ૧૦૦-દિવસની સફરમાં સ્મોલકેપ શેરોમાંથી અસાધારણ પ્રદર્શન જોવા મળ્યું છે, જેમાં ઓછામાં ઓછા ૧૮ શેરોએ મલ્ટિબેગર રિટર્ન આપ્યું છે. સ્મોલકેપ ઈન્ડેક્સ ૧૯% વધ્યો છે. મહત્વની વાત એ છે કેૈં અને હેલ્થકેર ઈન્ડેક્સ ટોચના સેક્ટોરલ ગેઈનર્સ તરીકે ઉભરી રહ્યા છે જેમાં પ્રત્યેકમાં ૨૨% રિટર્ન નોંધાયું છે.૨૨૧ ટકા સુધી રિટર્ન આપનાર ટોચના શેર્સ પ્રથમ ૧૦૦ દિવસમાં ૧૭% રિટર્ન સાથે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટર મોખરે રહ્યો છે. તેનાથી વિપરીત મેટલ્સમાં ૩% થી વધુનો ઘટાડો થયો છે. ટોચના સ્મોલકેપ શેરોમાં રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝ માત્ર ૧૦૦ દિવસમાં ૨૨૧%, પીસી જ્વેલર ૧૭૫%, બાલુ ફોર્જ ઈન્ડસ્ટ્રીઝ ૧૬૭%, ગ્રેવિટા ઈન્ડિયા ૧૩૧%, પીજી ઈલે. ૧૧૮%, ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા ૧૧૪%, અને ન્યુલેન્ડ લેબોરેટરીઝ ૧૦૩% નો સમાવેશ થાય છે.જેફરીઝ-જીડીપી વૃદ્ધિને કારણે કોર્પોરેટ અર્નિંગ મજબૂત રહેશે ઈક્વિટી કેપિટલ ગેઈન્સ પર ટેક્સમાં વધારો, સરકારી મૂડી ખર્ચમાં સંભવિત મંદી અને નીતિગત જોખમો જેવા પરિબળો આ સાવચેતીભર્યા સેન્ટિમેન્ટમાં મજબૂત ફાળો આપ્યો છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેફરીઝ આશાવાદી છે કે અમે લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યમાં તેજીનો ટ્રેન્ડ દર્શાવીએ છીએ કારણ કે જીડીપી વૃદ્ધિને કારણે કોર્પોરેટ અર્નિંગ મજબૂત રહેશે. સ્થાનિક પ્રવાહ નજીકના ગાળામાં વધુ ટકાઉ સ્તરે નીચે જઈ શકે છે પરંતુ વિદેશી પ્રવાહમાં સંભવિત સુધારો થઈ શકે છે. જેફરીઝ વ્યાજદર ઘટાડા બાદ વિદેશી રોકાણમાં વધારો થશે જેનાથી લાર્જકેપ કંપનીઓમાં રોકાણને સપોર્ટ મળશે.પ્રભુદાસ લીલાધર- તહેવારોની માગ-વ્યાજદરમાં ઘટાડો સપોર્ટ કરશે ડોમેસ્ટિક બ્રોકરેજ ફર્મ પ્રભુદાસ લીલાધરે નિફ્ટીને ૨૦.૨૮ના પ્રાઈસ-ટુ-અર્નિંગ રેશિયો પર મૂલ્યાંકન કર્યું છે અને તે ૨૮,૫૬૪ના બુલ કેસ ટાર્ગેટ પર પહોંચ્યા છે. બ્રોકરેજ અપેક્ષા રાખે છે કે મજબૂત તહેવારોની મોસમની માંગ, ગ્રામીણ પુનરુત્થાન અને વ્યાજ દરમાં ઘટાડો બજારોને ટેકો આપશે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, બિલ્ડિંગ મટિરિયલ્સ, આઈટી, ફાર્મા અને ટેલિકોમ જેવા સેક્ટર પોઝિટીવ રહેશે.

### મેન્સ ફિઝીક્સ જુનિયર અને મેન્સ ક્લાસિક ફિઝીક્સ જુનિયર કેટેગરીમાં

# મુખ્તાર મનસુરી ગુજરાત કેસરી બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ટોપ થ્રીમાં સામેલ“






રાજકોટ મહાનગરપાલિકા અને વેઈટ લિફ્ટીગ એસોસિએશન ઓફ રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાની ગુજરાત કેસરી બોડી બિલ્ડિંગ સ્પર્ધાનું હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર રોડ, રાજકોટ ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ ગુજરાત કેસરી બોડી બિલ્ડિંગ સ્પર્ધાનો મેયર નયનાબેન પેઢડીયા તથા ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં અવ્યો હતો. “રાજકોટ મહાનગરપાલિકા અને વેઈટ લિફ્ટીગ એસોસિએશન ઓફ રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાની ગુજરાત કેસરી બોડી બિલ્ડિંગ સ્પર્ધામા અલગ અલગ કેટેગરીની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી જેમા મોટી સંખ્યામાં બોડી બિલ્ડરોએ ભાગ લીધો હતો જેમાથી મેન્સ ફિઝીક્સ જુનિયર કેટેગરીમાં મુખ્તાર મનસુરી દ્વારા ત્રિજો નંબર પ્રાપ્ત કરવમાં આવ્યો હતો તથા મેન્સ ક્લાસિક ફિઝીક્સ જુનિયર કેટેગરીમાં પણ ત્રિજો નંબર પ્રાપ્ત કરવમાં આવ્યો હતો જે ખુબ જ અભિનંદનીય વાત છે. “આ અગાઉ પણ મુખ્તાર મનસુરી દ્વારા ઘણી બધી સ્પર્ધામાં નંબર વનની પદવી પ્રાપ્ત કરવામાં આવી છે તાજેતરમાં જ નોર્થ ગુજરાત સ્પોર્ટ પાવર લિફ્ટીગ કોમ્પિટીશનમાં બેંચ પ્રેસમા પ્રથમ નંબરે આવી ગોલ્ડ મેડલ પ્રપ્ત કર્યુછે જ્યારે ડિસ્ટ્રીક્ટ લેવલ કોમ્પિટીશનમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે“મુખ્તાર મનસુરી છેલ્લા ઘણા સમયથી એક અનુભવી જીમ ટ્રેનર અને ફિટનેશ કોચ તરીકે કાર્ય કરી રહ્યા છે. તેમની ફિટનેશ અંગેની સમજ અને અનુભવ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ બનાવવામાં મદદ કરે છે. તે દરેક વ્યક્તિની વ્યક્તિગત જરૂરિયાતોને અનુકૂળ ટ્રેનિંગ પદ્ધતિ અપનાવે છે, જેથી લોકો તેમની શારીરિક ક્ષમતામાં સુધારો કરી શકે. મુખ્તાર મનસુરી ની ટ્રેનિંગ શૈલીમાં ખૂબ સખત મહેનત અને નિષ્ઠાનું મહત્વ છે. તેઓ માત્ર શારીરિક તંદુરસ્તી જ નહીં, પણ માનસિક મજબૂતી પર પણ ભાર મૂકે છે. ફિટનેશ માટે યોગ્ય આહાર અને વ્યાયામનું યોગ્ય સમન્વય રાખવાનું તેઓ કહે છે. તેમની માર્ગદર્શન હેઠળ અનેક લોકોએ તેમના શારીરિક લક્ષ્યો પ્રાપ્ત કર્યા છે. વજન ઘટાડવું હોય, મસલ્સ બનાવવી હોય કે સામાન્ય ફિટનેશમાં સુધારો કરવો હોય, તેમણે દરેક માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

### ગુજરાત સરકારે હાઈકોર્ટમાં કહ્યું; હરેન પંડ્યા હત્યા કેસના દોષિત અનસ માચીસવાલાને સજા માફી નહીં મળે

ગુજરાત રાજયના પૂર્વ ગૃહપ્રધાન હરેન પંડયાની હત્યાના ચકચારભર્યા કેસમાં ૧૨ દોષિતો પૈકીના એક એવા અનસ માચીસવાલાની સજા માફીની અરજી રાજય સરકારે ફગાવી દીધી છે. બીજીબાજુ, ગુજરાત હાઈકોર્ટે આરોપી અનસ માચીસવાલાના પેરોલ દસ દિવસ માટે વધુ લંબાવી આપ્યા છે.હરેન પંડયા હત્યા કેસમાં વર્ષ ૨૦૧૯ માં સુપ્રીમકોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફરમાવતાં ૧૨ દોષિત પૈકીના એક અનસ માચીસવાલાએ તેની આજીવન કેદની સજાના ભાગરૂપે જેલમાં ૧૩ વર્ષ પૂર્ણ કર્યા હોવાથી તેણે સજા માફી આપવા માટે રાજય સરકારમાં અરજી કરી હતી. જો કે, રાજય સરકાર દ્વારા ૨૧ ઓગસ્ટ ૨૦૨૪ ના નિર્ણય મારફતે અનસ માચીસવાલાની સજા માફી અંગેની અરજી ફગાવી દેવાઈ હતી. આ દરમિયાન અનસ માચીસવાલા જેલમાંથી પેરોલ પર છોડવામાં આવ્યો હતો. તેથી તેણે વધુ દસ દિવસ પેરોલ લંબાવવા હાઈકોર્ટ સમક્ષ અરજી કરી હતી. આ દરમિયાન રાજ્ય સરકારે હાઈકોર્ટનું ધ્યાન દોર્યુ હતું કે, અનસ માચીસવાલાની સજા માફી અંગેની અરજી સરકાર દ્વારા ફગાવી દેવાય છે.હાઈકોર્ટે સરકારના આ હુકમને રેકર્ડ પર લીધો હતો અને બાદમાં માચીસવાલાના પેરાલ વધુ દસ દિવસ માટે લંબાવ્યા હતા. નોંધનીય છે કે, ગત તા. ૨૬ માર્ચ, ૨૦૦૩ ના રોજ ગુજરાતના તત્કાલીન ગૃહપ્રધાન હરેન પંડયાની લો ગાર્ડન પાસે પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હત્યા કરાઈ હતી.

# વિજાપુર લાડોલ સી.આર.સી. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

વિજાપુર તા.

વિજાપુર લાડોલ સી.આર.સી. આયોજિત ક્લસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન આજ રોજ લાડોલ પ્રાથમિક કન્યા શાળામાં યોજાયું હતુ.જેમાં લાડોલ ક્લસ્ટરની ૯ પ્રાથમિક શાળાના ૨૨ વિદ્યાર્થીઓએ પોતાની શાળાના વિજ્ઞાન-ગણિતના શિક્ષકોના માર્ગદર્શન નીચે ૧૧ ઈનોવેટિવ પ્રોજેક્ટ રજૂ કર્યાં. સી.આર.સી. કૉ.ઓર્ડિનેટર સંજયભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતુ .બાળ વૈજ્ઞાનિકોને સરસ માર્ગદર્શન આપનાર ૧૧ શિક્ષકોની હાજરી નોંધપાત્ર રહી હતી. બાળ વૈજ્ઞાનિકોએ બનાવેલ વિવિધ ઈનોવેટિવ પ્રોજેક્ટ ખૂબ જ ધ્યાન આકર્ષક રહ્યા નદી કે તળાવમાં રહેલા ઘન કચરાના નિકાલ માટે લાડોલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ આધુનિક યંત્ર બનાવ્યું તેમજ લાઈફ સેવિંગ બોટ બનાવી. .ઈભરામપુરા પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ અકસ્માત નિવારણ માટેનો પ્રોજેક્ટ, કરશનપુરા શાળાના વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિવારણ માટે સેફ ઝોન પ્રોજેક્ટ, એમ.બી.ટ્રસ્ટ, ઉચ્ચ પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ વર્તુળ બનાવતા રોબોટ, માલોસણ



પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ માત્ર સૌર ઊર્જા અને પવન ઊર્જાનો ઉપયોગ કરતા ગામડાનું નિર્માણ, લાડોલ કુમાર શાળાના વિદ્યાર્થીઓએ પાણીના પૂરમાં પશુઓને બચાવવા માટેનો આધુનિક ખીલો, હાથીપુરા પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ બાળકોને ટી.વી.થી નજીક બેસતા અટકાવવા માટેનો પ્રોજેક્ટ, અમરપુરા પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ સ્માર્ટ રોડ નિર્માણનો પ્રોજેક્ટ, મહાદેવપુરા (મ) પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ ટ્રાફિકવાળી જગ્યાએ કાર્બન ડાયોક્સાઈડ વાયુનો નિકાલ કરતુ યંત્ર બનાવી પોતાની બાળ વૈજ્ઞાનિક શક્તિનો પરિચય કરાવ્યો. લાડોલ પ્રાથમિક કુમાર અને કન્યા શાળાના તમામ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન નિહાળ્યું. ઈનામ, પુસ્તક અને પ્રમાણપત્ર આપી ભાગ લીધેલ તમામ બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

### જમજીર ના ધોધ નજીક રાજકોટ ના દંપતીએ

# જન્મ દિવસ ઉજવી સોશ્યલ મીડિયા માં ફોટો વાયરલ કરવો ભારે પડિયો

# પોલીસે જિલ્લા મેજીસ્ટ્રેટ ના જાહેર નામ ના ભંગ ની પોલીસ ફરિયાદ નોંધાઇ



**ઊના (હિતેષ જોષી દ્વારા)**

ગિર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના જામવાળા ગીર થી કોડીનાર જતા રોડ ઉપર ઘાટવડ ગામ ની સીમ માં જમજિર નો પ્રાચીન ધોધ આવેલ છે. જેમાં જમજીર હોમ સ્ટે નામ નું હોમ રિસોર્ટ આવેલ છે તેમાં રાજકોટ ના દંપતી સંજય ભાઈ પોલા ભાઈ પીપળીયા અને તેની પત્ની સરોજ બેન સંજય ભાઈ પીપળીયા ઉતરેલ અને જમજીર ના ધોધ ની સાવ નજીક જન્મ દિવસ ની ઉજવણી કેક કાપી કરી હતી અને કેક અને ટેબલ ની વ્યસ્થા જમજીર સ્ટ્રીટ ના સંચાલક ફાલ્ગુનસિહજી ધર્મેન્દ્રસિંહજી ઝાલા રે. ઘાટવડ તા. કોડીનાર એ કરી આપી હતી ટેબલ ધોધ થી સાવ નજીક ૧૦થી૨૦ મીટર ના અંતરે રાખેલ હતું. અને જન્મ દિવસ ની ઉજવણી નો ફોટો સોશ્યલ મીડિયા ફેસ બુક મા મૂકી વાયરલ કરેલ હતો જે ફોટો કોડીનાર ના મામલતદાર ને જાણ થતાં કોડીનાર મામલતદાર કચેરી ના સર્કલ ઈન્સ્પેકટર અને મહેસૂલ મંત્રી એ તપાસ કરી રિપોર્ટ મામલતદાર ને આપતા મામલતદાર એ કોડીનાર પોલીસ સ્ટેશન મા અરજી પોલીસ સ્ટેશન મા આપતા કોડીનાર પોલીસ સ્ટેશન ના કર્મચારી પોલીસ હેડ કોન્સ્ટેબલ હરેન્દ્રસિહ ભીખુ ભાઈ ગોહીલ પોતે ફરિયાદી બની રાજકોટ ના પતિ અને પત્ની અને હોટલ ના સંચાલક સામે ગીર સોમનાથ જિલ્લા કલેકટર ના જાહેર નામનો ભગ કરેલ નો ગુના કલમ બી.એન.એસ.૨૨૩ મુજબ દાખલ કરી કોડીનાર પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી તપાસ શરૂ કરી છે. ગીર સોમનાથ જીલ્લા મેજિસ્ટ્રેટ જાહેરનામા મા જણાવેલ કે ગીર સોમનાથ જિલ્લા ના કોડીનાર તાલુકાના ઘાટવડ ગામની સીમ માં શિંગોડા નદી ઉપર જમજીર ના ધોધ માં કોઈ વ્યક્તિઓ એ ધોધ માં નાહવા માટે ઊંડા ધોધ પાસે પ્રવેશ કરવો નહિ. ધોધ ના આરા ની કોતર ઉપર સેલ્ફી લેવા અને ફોટા પાડવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

# ભાદરવા સુદ પૂનમના પવિત્ર દિવસે ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ મા અંબાને ધજા ચડાવી

ભાદરવી પૂનમ મહામેળાના અંતિમ દિવસે રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મા અંબા ને ધજા ચડાવી આશીર્વાદ મેળવ્યા હતા. દર વર્ષે અંબાજી ખાતે યોજાતા ભાદરવી પૂનમના મેળા દરમિયાન મેળાના અંતિમ દિવસે બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા માતાજીને ધજા ચડાવાની પરંપરા રહી છે. ત્યારે ગુજરાત રાજ્યના ગૃહપ્રધાન શ્રી હર્ષ સંઘવી બનાસકાંઠા પોલીસ ટીમ સાથે જોડાયા હતા. રાજ્યના ગૃહ પ્રધાનશ્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં રાજ્યના ડી.જી.પી શ્રી વિકાસ સહાય અને જિલ્લા



પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા સહિતના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ધજા ચડાવવામાં સહભાગી બન્યા હતા. જિલ્લા પોલીસ વિભાગ દ્વારા અંબાજી મેળામાં યાત્રિકોની સુરક્ષા અને સલામતી માટે રાઉન્ડ ધ કલોક ફરજ બજાવવામાં આવી હતી. અંબાજી મંદિર પાસેના ખોડીવલી સર્કલ ખાતે મુખ્ય પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા સમગ્ર મેળાનું સંચાલન કરવામાં આવ્યું હતું. દર વર્ષે મેળામાં અંતિમ દિવસે પૂનમે પોલીસ વિભાગ દ્વારા મા અંબાનો મેળો નિર્વિઘ્ને સુખરૂપ પૂર્ણ થતાં મા અંબાને ધજા ચડાવવામાં આવે છે. જે પરંપરા આ વર્ષે પણ યથાવત રાખી પોલીસ વિભાગ દ્વારા ધજા ચડવાવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહી પોલીસ કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ભાદરવી પૂનમના પવિત્ર અવસરે જણાવ્યું હતું કે ગુજરાતના ખૂણે ખૂણે થી માઈભક્તો અંબાજી દર્શનાર્થે પધારી રહ્યા છે. અંબાજી પદયાત્રા કરીને આવતા માઈભક્તોની દર કિલોમીટરે લોકો સેવા કરી રહ્યા છે. જે લોકો ઘરે પીવાના પાણીનો ગ્લાસ નથી ભરતા તેવા લોકો હજારો લોકોના પગ દબાવવાનું કામ કરે છે. આવા લોકોનો રાજ્ય સરકાર તરફથી આભાર વ્યક્ત કરું છું. આ વર્ષે ગુજરાત સરકાર દ્વારા રસ્તાઓ ઉપર બાથરૂમ, ટોઈલેટ, મેડિકલ, સફાઈ જેવી વિવિધ સુવિધાઓ કરવામાં આવ્યો છે. આ વર્ષે લાખો માઈભક્તો આવ્યા હોવા છતાં સમગ્ર રસ્તામાં ક્યાંય કચરો જોવા મળ્યો નથી, જેના માટે સફાઈદુતો કામ કરી રહ્યા છે, તેમનો પણ ખૂબ ખૂબ આભાર. લોકોની શાંતિ અને સલામતી માટે કટિબદ્ધ ગુજરાત પોલીસની વર્ષોની પરંપરા મુજબ આજે મંદિર ખાતે ધ્વજા ચડાવવાનો અવસર મળ્યો છે. તે માટે ગુજરાત અને બનાસકાંઠા પોલીસને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ વખતે ગુજરાત પોલીસની બહેનો મંદિરની સફાઈ કરતાં પણ જોવા મળ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આપણી આસ્થાનો સૌથી મોટો મેળો એવો ભાદરવી પૂનમનો મેળા માટે બનાસકાંઠા પોલીસને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જય અંબે, બોલ માડી અંબેના જયઘોષ સાથે મા અંબાને ધજા ચડાવી ગુજરાતની સુખ શાંતિ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. મા અંબાના આશીર્વાદથી મેળો સુખરૂપ સંપન્ન થયો હોવાનું જણાવી ગુજરાત પર આધશકિત અંબાના સદૈવ આશીર્વાદ કૃપાદ્રષ્ટિ રહે એવી પ્રાર્થના કરી હતી. સમગ્ર મેળા દરમિયાન ગુજરાત પોલીસ દ્વારા માઈભકતોને સારી સેવા સુરક્ષા અને સલામતી પૂરી પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### અંબાજી ભાદરવી પૂનમ મહામેળો - ૨૦૨૪

# જિલ્લા માહિતી કચેરી પાલનપુર દ્વારા સૌ પ્રથમવાર મા અંબા ના મંદિરે ધજા ચડાવવામાં આવી

અંબાજી ખાતે તા. ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમ મહામેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મા અંબાની કૃપાથી મેળો સુખરૂપ સંપન્ન થતાં આજે વિવિધ વિભાગોએ મા અંબાને ધજા ચડાવી આશીર્વાદ મેળવ્યા હતા. મેળા દરમિયાન પ્રસાર પ્રચાર વ્યવસ્થાની કામગીરી કરતા જિલ્લા માહિતી કચેરી, પાલનપુર દ્વારા પત્રકારોને સાથે રાખી પ્રથમ વાર મા અંબાને ધજા ચડાવવામાં આવી હતી. જિલ્લા માહિતી કચેરી, પાલનપુર દ્વારા અંબાજી ભાદરવી પૂનમના મેળામાં રાઉન્ડ ધ કલોક કામગીરી કરતા જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ અને અંબાજી કવરેજ માટે આવતા ગુજરાતના, જિલ્લાના પત્રકારો અને અંબાજીના પત્રકારો સાથે સંકલન કરી મેળાના પ્રસાર પ્રચારની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી હતી. મા અંબાના અવસર ને વિવિધ માધ્યમો થકી ખૂણે ખૂણે પહોચાડતા મીડિયા કર્મીઓ પણ ધજા ચડાવવાના પ્રસંગમાં સહભાગી બની ધન્ય બન્યા હતા. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મેળાની સુચારું વ્યવસ્થા માટે ૨૬ કમિટીઓ બનાવવામાં આવી હતી. જેમાં સમગ્ર મેળાના પ્રસાર પ્રચારની જવાબદારી જિલ્લા માહિતી કચેરી પાલનપુરને સોંપવામાં આવી હતી. મેળાના પ્રારંભના દસ દિવસ અગાઉથી જિલ્લા સ્તરે અને પ્રાદેશિક કક્ષાએ ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા તેમજ સોશિયલ મીડિયા સાથે સંકલન અને મીડિયા મેનેજમેન્ટની ખુબ સુંદર કામગીરી માહિતી કચેરી પાલનપુર દ્વારા કરવામાં આવી હતી. માહિતી કચેરી દ્વારા પણ રોજે રોજ મેળાના સાતે દિવસ પત્રકારોને જરૂરી વ્યવસ્થાઓ અને મેળા ની પળે પળ ની વિગતોથી અવગત કરવામાં આવ્યા હતા.જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી કુલદીપભાઈ પરમારની અધ્યક્ષતામાં કચેરીના તમામ સ્ટાફ તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો સાથે ખોડીવલી સર્કલથી અંબાજી મંદિર સુધી પદયાત્રા યોજી મા અંબાને ધજા ચઢાવી માતાના આશીર્વાદ લીધા હતા.

આ ધજારોહણ કાર્યક્રમમાં પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના નાયબ માહિતી નિયામકશ્રી હિમાંશુભાઈ ઉપાધ્યાય, સાબરકાંઠા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી દેવેન્દ્રભાઈ કડિયા, એબીપી અસ્મિતા ચેનલના એડિટર શ્રી રોનક પટેલ સહિત બનાસકાંઠા જિલ્લાના વર્તમાન પત્રો અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ તેમજ અંબાજીના સ્થાનિક પત્રકાર મિત્રોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ડૉ. શ્રીમતી સુદેશ ધનખડે ગાંધીનગર જિલ્લાની બોરીજ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી

‘ફોર્થ રી ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૨૪’ના સમાપન સમારોહમાં મહાત્મા મંદિર ખાતે ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીશ ધનખડ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડૉ.શ્રીમતી સુદેશ ધનખડ પણ ગાંધીનગર જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા.

ડૉ. શ્રીમતી સુદેશ ધનખડે આ દરમિયાન બોરીજની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ‘એક પેડ મા કે નામ‘ અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું. શ્રીમતી ધનખડે બોરીજની શાળાનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. આ પ્રસંગે બાળકો વચ્ચે જઈ તેમણે બાળકો સાથે આત્મીયતાથી વાતચીત કરી હતી. તેમણે શાળાના બાળકોને દિલ્હી આવવાનું પણ આમંત્રણ પાઠવ્યું હતું.બોરીજ શાળાની મુલાકાત દરમિયાન ડૉ. શ્રીમતી સુદેશ ધનખડે શાળાના ડિઝીટલ વર્ગખંડ, કોમ્પ્યુટર લેબ, લાઈબ્રેરીની પણ મુલાકાત લીધી હતી.

આ અવસરે ગાંધીનગર જિલ્લા વહિવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ તથા શાળાના આચાર્યશ્રી સહિત તમામ શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વડોદરામા વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર યુવકે એક પૈડાંની સાયકલ ઉપર અનોખી રીતે કર્યું ગણેશજીનું વિસર્જન.

**કાલે ધામધૂમથી થયેલા ગણેશ વિસર્જન વચ્ચે વડોદરામાં એક યુવાને અનોખી રીતે ગણેશ વિસર્જન કર્યું હતું, વડોદરાના રોનિત જોશી એ પોતાના જ ઘરમાં શ્રી ગણેશજી ની સ્થાપના કરી હતી, આજે રોનિત જોશી એ પોતાના પરિવાર અને મિત્રો સાથે શ્રી ગણેશજી નું વિસર્જન એક અનોખા અંદાજમાં કર્યુંહતું રોનિત જોશી એ પોતાની એક પૈડાં ની સાયકલ ઉપર ગણેશજી ને પોતાના હરણી રોડ પર આવેલા નિવાસસ્થાને થી હરણી કુત્રિમ તળાવ સુધી લગભગ ૩કિલોમીટર સુધી પગ ટેકવ્યા વિના લઈ જઈને વિસર્જન કર્યું હતું.**

## ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N O G S S: 168
વિષય: 'લગ્ન પહેલાં અને લગ્ન પછીની જીવન સફર'
શીર્ષક: હમસફર
પ્રકાર: ગદ્ય. શબ્દ:૩૪૨

મારું દાંપત્ય જીવન લગ્ન પહેલાં અને લગ્ન પછીનું ફિલ્મની સ્ટોરી કરતા ઓછી નથી. સૃષ્ટિના ડ્રામા મંચ ઉપર મારું દાંપત્યજીવન ત્રણેક વર્ષ માટે હોય એમ મારે સ્વીકારવું રહ્યું. લગ્ન પહેલાંનું જીવન તો ચિંતા મુક્ત, નિખાલસ કોઈપણ પ્રકારની જવાબદારી વગર પોતાની મસ્તી માં મસ્ત હતું.

લગ્નના ત્રણેક વર્ષની અંદર હું બે બાળકીનું પિતા બન્યો.... બાદ પત્નીનાં મૃત્યુ થી દાંપત્યજીવનું અંત આવે છે. આ સમયમાં મોટી દીકરી દોઢ વર્ષની હોય છે. અને નાની દીકરી એક દિવસની હોય છે. અને સૌથી નાની દીકરી ના જન્મ બાદ કારણસર દીકરીઓનું માતૃત્વ પ્રેમ અને માનો ખોડો છીનવાઈ જાય છે.

'કહેવાય છે સબકા માલિક એક'આ મંત્ર મારા બાળકો માટે સાચું સાબિત થયું. મારા 'મા' એક ઉચ્ચકોટિના આધ્યાત્મિક આત્મા હતીં. તેઓ એમના પાલનહાર જનની બન્યા. અને એક ડોબરમેન કૂતરો એમનો બોડી ગાર્ડ રક્ષક બની સાથે રહ્યો.એમના બાળપણથી લઈ પુખ્ત વય સુધી એમને એમની પાલના મળેલ. એક મુસ્લિમ ભાઈએ એક બકરી ભેટ માં આપી. 'મા' ના સ્તનપાનના દૂધની જગ્યાએ બકરીના આંચલના દૂધને પીને દીકરીઓ મોટી થઈ. મોટી થતા શિક્ષણ લેતા લેતા આગળ વધી ભણી ગણી ગ્રેજ્યુએશન પૂરું થયું. મોટી 'બી એ' થઈ અને નાની બીકોમ થઈ 'ગોલ્ડમેડાલિસ્ટ' આમ બંને દીકરીઓનું એજ્યુકેશન પૂરું થાય છે. અને ૨૦ વર્ષની વયે એમના લગ્ન કરી એમની વિદાય કરું છું. તેઓ બાળકોની માતા બને છે. આમ મોટી દીકરીના બે બાળકો છે. એક મોટો બાબો અને નાની બેબી જે આજે ઈન્ટિરિયર ડિઝાઈનર છે. અને બાબો ફોટોગ્રાફર શુટીંગ અને એમબીએ કરેલ છે. આમ નાની દીકરીની એક મોટી બેબી ડોક્ટર છે અને એનો બીજો બાળક એમબીબીએસ ના ત્રીજા વર્ષમાં છે. અને સૌથી નાની બેબી આજે કોલેજમાં ભણતર લઈ રહી છે. સૌનું ભવિષ્ય ઉજવળ છે. અને રોયલ છે. જેમ તેઓ એક પુણ્યશાળી આત્મા હોય એમ હું એક પિતા હોઈ અનુભવ છું.

આવા સંઘર્ષ ભર્યા જીવનનું વર્ણન શબ્દોમાં ન કરી શકાય... જો વ્યક્તિનું જીવન આધ્યાત્મિક હોય તો સંઘર્ષ પણ એના માટે એક પરીક્ષા છે. મારી દીકરીઓના માતાના મૃત્યુ બાદ મારા બા (દ્વીરી) ના કહેવાથી મેં બીજા લગ્ન નથી કર્યા.

આજ મારા જીવનનું અંતિમ પડાવ ઉદયપુર વૃદ્ધાશ્રમમાં રહી ૭૫ વર્ષની વયે પસાર કરી રહ્યો છું. ઈશ્વર આગળ મારી આની કોઈ ફરિયાદ નથી. એ જ મારા માટે સુખ આનંદ પ્રભુ મિલન છે.

કનૈયાલાલ માલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 215
વિષય : 'લગ્ન પહેલા ને લગ્ન પછીની જીવન સફર'
શીર્ષક : × પાંજરે પુરાયું ×
પ્રકાર : પદ્ય, શબ્દો : ૮૦.

લગ્ન પહેલાનું આઝાદ પક્ષી પાંજરે પૂરાયું છે,
બેફિકર થૈ જીવતું જણ હવે કેવું ભેરવાયું છે.

મન પડે ત્યારે સૂતું હતું, જે મન પડે તો જાગે,
કેવું બંધાયું અતૂટ બંધને તે વરમાળાના ધાગે.

મન મરજીનું મોજીલું હવે પરણી પસ્તાયું છે,
લગ્ન પહેલાનું આઝાદ પક્ષી પાંજરે પુરાયું છે.

લગ્ન લાકડાનો લાડુ છે ખાયને પસ્તાવું સારું,
એકલા રહી જીવવું, ક્યાં સુધી થઈ બિચારું?

સારું થયું 'શ્યામ' મોતી માળામાં પરોવાયું છે,
લગ્ન પહેલાનું આઝાદ પક્ષી પાંજરે પુરાયું છે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 193
વિષય - લગ્ન પહેલાં ને લગ્ન પછીની જીવન સફર
શીર્ષક - યાદ આવે છે
પ્રકાર - પદ્ય શબ્દો - ૧૫૭

પહેલાં..

નજરથી નજરનો પહેલો પ્રેમ..
હૃદયનો એ આવકાર, યાદ આવે છે..
આંખોથી થતાં આંખોના ઈશારામાં,
શરમનો એ રણકાર,, યાદ આવે છે..
તારા આવવાની વાટ જોતા,
આંખો નો એ ઈંતજાર, યાદ આવે છે..
આયનો જોઈ,કાજલ અને બીદી નો,
કરેલો એ શણગાર યાદ આવે છે..
હાથમાં હાથનો પહેલો સ્પર્શ ને,
શ્વાસ નો એ ધબકાર, યાદ આવે છે.
પછી..

'હુ ને તુ' માંથી આપણા નું સર્જન..
જવાબદારી નું રટણ ને પરિવાર નું જતન યાદ આવે છે..
સંસાર ચક્ર માં બે બાળકો નું આગમન..
પ્રેમાળ અને વાત્સલ્ય ની ઉંમર યાદ આવે છે..
ધીરે ધીરે ચાલતી અહમની તકરાર..
વાત વાતમાં ઝઘડો ને રિસામણા યાદ આવે છે..
ઉતાર ચઢાવ પર ચાલતી જીવનની ડગર..
કર્મ પર વિશ્વાસ ને હિંમત નું બળ, યાદ આવે છે..
આજે બાળકો મોટા થયા પોતાના પગ પર સ્થાયી થયા..
બાળપણની એમની મીઠી વાતો યાદ આવે છે..
હું અને તું નિવૃત્તિ ની આ ઉંમર..
વિતેલી એ પળનો પડકાર યાદ આવે છે..
×છાયા× આગળ વધતાં બદલાતા વિચારો સ્વીકારી..
તો યે મન મચાવે શોર, યાદ આવે છે..
છાયા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.343
વિષય: લગ્ન પહેલાને પછીની જીવન સફર
શીર્ષક: પુત્રી માંથી પુત્રવધુ બન્ને ગૃહની ઉજ્જવળ જ્યોતિ
પ્રકાર: પદ્ય. શબ્દો:૭૫

માબાપ કરશે સંસ્કારનું સિંચન તો પુત્રી બાદ પુત્રવધુ બની આબરૂ દીપાવી બન્ને ગૃહની બનશે પથદર્શક કૃતિ ,
માવતરની જેમ સસુરપક્ષમાં પણ આપશો હેત પ્રેમ તો બન્ને ગૃહની માળાઓનું બને અતૂટ સોનેરી મોતી,
સ્વાર્થ પ્રપંચ ધન દોલત ભૂલી સ્નેહની સરિતા વહેતી રાખશો તો બન્ને ગૃહની જગમાં નામના બને અનોખી ,
સ્નેહના અમૂલ્ય સબંધ નિભાવશો તો તુટશે નહીં કિંમતી બંધન બન્ને ગૃહની બને પ્રેરણાત્મક આકૃતિ,
×ચંદ્ર× આપે અંધકાર બાદ પ્રકાશની જેમ લગ્ન પહેલાં કે પછીનાં સમયને સરખો ગણી ચાલશો તો બન્ને ગૃહની બનશો ઉજ્જવળ જ્યોતિ.

× ચંદ્ર × ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:158
વિષય:લગ્ન પહેલા અને લગ્ન પછીની જીવન સફર.
શીર્ષક: પ્રકાર: ગદ્ય
શબ્દ સંખ્યા:૨૯૦

લગ્ન પહેલાં અને લગ્ન પછીની સફરમાં લગ્ન પહેલાંની સ્થિતિ એટલે શૈશવ જીવન,બાળપણ અને ત્યારબાદ યોવન. મનુષ્ય જીવનની ત્રણ અવસ્થા છે. શૈશવ,યુવાની અને ઘડપણ.બાળકો એટલે ખેલવા કુદવાનો સમય બાળપણ બિન્દાસ હોય છે બાળક એ ભગવાનનું સ્વરૂપ હોય છે એકદમ નિખાલસ.ત્યારબાદ અભ્યાસ કાળનો સમય.એ દરમિયાન શાળાએ જવું ભાઈબંધ સાથે હરવું ફરવું નિશાળથી આવી દફ્તર મૂકી રમવા જતા રહેવું. ભણવા સિવાય બીજું કોઈ લક્ષ હોતું નથી.અભ્યાસમાં સારું પર્ફોર્મન્સ કરવું, સારી ટકાવારી મેળવવી.અને એના માટે સખત મહેનત કરવી.અભ્યાસકાળ પછીનો સમય થોડી ઘણી જવાબદારી વાળો હોય છે.નોકરી મેળવવાની ચિંતા હોય છે, આ સમય લગ્નનો પણ સમય હોય છે કન્યાને પસંદગી કરવી લગ્ન કરવા મા બાપને મદદ થવાની ચિંતા માતા પિતાની આર્થિક સ્થિતિ કેવી છે તેના ઉપર નિર્ભર હોય છે.નોકરી મળી જાય લગ્ન થઈ જાય એક બે બાળક થાય પછી ત્રેવડી જવાબદારી. બાળકોને ભણાવવા તેમનું ભરણપોષણ કરવું ઘર ચલાવવાની જવાબદારી. વસ્તુઓની ખરીદી કરવી, કરિયાણું ખરીદવું વગેરે આ બધું કરતાં કરતાં બાળકો મોટાં થાય એટલે તેમને શેટલ કરવાની જવાબદારી આ બધું કરતાં કરતાં માણસનું જીવન પુરું થઈ જતું હોય છે. કે માતા પિતા,પત્ની, બાળકો, નોકરી બધામાં તો ધ્યાન આપવાનું જરૂરી છે તેની સાર સંભાળ રાખવી

આવશ્યક છે આપણે બગીચો બનાવ્યો છે તો તેની સાર સંભાળ રાખવી તેને ખીલવવો? એ આપણી જવાબદારી થઈ પડે છે. મારું માનવું છે કે લગ્ન પહેલા અને લગ્ન પછીની જીવન સફરમાં જીવન ક્યારે પૂરું થઈ જશે ખબર પણ નહીં પડે. સમય સમયનું કામ કરતો હોય છે.વ્યક્તિએ થોડું સ્વ માટે પણ વિચારવું રહ્યું.જીવનને આધ્યાત્મ તરફ પણ વાળવાની આવશ્યકતા છે.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:368
વિષય: લગ્ન પહેલા અને પછીની જીવન સફર
પ્રકાર: અછાંદસ ગદ્ય
શિર્ષક: જિંદગી એક સફર
શબ્દો: ૧૫૦

બાળપણ થી યુવાની સુધીની સફર માતા-પિતા સાથે,
જે ક્યારેય ન ભુલાય એવી અનમોલ પલ નો ખજાનો
મસ્તી તોફાન ને અસંખ્ય રમતોના ઢગલા નો ખજાનો
સાડી પહેરી ટીચર બની રોબ જમાવવાની મઝા
યુવાનીમાં કોલેજ માં જઇ, નવી દુનિયાનો અનુભવ
તાસ છોડી મુવી જોવું,નદી કિનારે ફરવા જવું
આ સઘળું કોલેજ દરમ્યાન જ કરી શકાય,
યુવાની ની આનંદદાયી ફીલિંગ અનોખી રહી.
માસ્ટર ડિગ્રી ને બી.પી એડ ની ડિગ્રી કરી
ટીચર ની જોબનો અનુભવ થયો,
બીજાજ વર્ષે લગ્નની વાતો આવી ને પસન્દગી થઈ
પાત્ર મારી જેમ ભણેલ અને ગવર્મેન્ટ જોબ સાથે,
મારુ નસીબ ખુલ્યુ લગ્ન થયા ને હું
નવા માણસો,નવું ઘર,નવી જગ્યા,નવા રીતરિવાજો
થોડી ખુશી,ગમ વચ્ચે હું સેટ થઈ
મારુ પાત્ર ખુબજ સારું.બધા સામે ઢાલની જેમ
ખડે પગે ઉભા રહ્યા ને મને આંચ ના આવી.બે બાળકો પ્રભુએ આપ્યા ને સુખી
જીવન વ્યતીત કરી રહ્યા,
સુખ દુઃખ ઠેલવતા આગળ વધી રહ્યા.
હવે આધ્યાત્મિક દ્રષ્ટિએ આગળ છીએ,
આમ જીવન ને સફળતાનાં પથ પર ધપાવ્યે છીએ.

-જ્યોતિ મહેતા. ×પ્રેમજ્યોતિ×
બારડોલી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG. SS No: 194
વિષય : જીવન લગ્ન પહેલા અને લગ્ન પછી
શીર્ષક : અલ્લડતાથી પ્રૌઢતા તરફ જીવનની ગતિ
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૬

લગ્ન એ શબ્દ ચીગમ જેવો છે. કુવારાને ઝડપથી લગ્ન કરવાની તાલાવેલી હોય, બાદ સમજાય કે આ સ્વાદતો ટેમ્પરરી હતો. પછી તો તુરાશ,કડવાશ અને કદાચ પશ્ચાતાપનો સામનો કરવો પડે છે.

બાલ્યાકાળથી દરેક વ્યક્તિના જીવનમાં એના લાઈફ પાર્ટનર માટેની એક ફ્રેમ તૈયાર હોય, જે સમયાંતરે ક્રિકેટસ્ટાર,ટીવી સ્ટાર, ફિલ્મ સ્ટાર... એમાં ગોઠવાતા અને બદલાતા જતા હોય. ઘણીવાર દીકરી એવું પણ ઇચ્છતી હોય કે એના પિતા જેવો પ્રેમાળને સમજે એવો પતિ એને મળે .

જીવનની પ્રથમ અવસ્થા શિશુ, જે બિન્દાસ છે. ત્યારબાદ યુવાની તરફનું ગમન. કારકિર્દી ઘડી પગભર બનવા કમાવાની આકરી મહેનત. લગ્ન ના થાય ત્યાં સુધી છોકરી ભણતી હોય અથવા નાનું મોટું કંઈ કામ કરી કમાઈ લેતી હોય.

યોગ્ય સમયે મુરતિયા જોડે મા-બાપ લગ્ન કરાવી દે. સગાઈનો સમય બેસ્ટ.બંને જણા એકબીજાને ઈમ્પ્રેસ કરવા ભરપૂર પ્રયાસ કરે. તકલીફ હનીમૂન પછી શરૂ થાય. જે સપનાઓ જોયાતા એમાં એડજસ્ટમેન્ટનો ભાવ આવી જાય. પોતાના ગમા અણગમા, શોખ અને પસંદગીનું બલિદાન સ્ત્રીએ આપવું પડે છે. એ વ્યક્તિ સાથે જીવતા એનું ખરું ચિત્ર સામે આવે.વધતી જવાબદારી અને વિસ્તરતા પરિવારમાં એ એટલી બધી ખુપી જાય છે કે... પોતાના અસ્તિત્વને ઓગાળીને સંસારને ગમે તે ભોગે સાચવે છે. વાળમાં આવેલી સફેદી કે ભારે શરીર નજર અંદાજ કરતા કેહ્શે કે એ પોતાના સંતાનો અને પરિવાર સુખી છે એમાં ખુશ છે.

પરણ્યા પહેલાંની એક અલ્લડ છોકરી આજે વહેલી ઉઠીને રસોઈ પણ કરે છે, પરિવારને સાચવે છે, સંતાનના અભ્યાસ માટે ચિંતિત બની સતત દોડતી રહે છે, પોતે કમાઈને ઘરમાં આર્થિક ટેકો કરે છે જેથી કરીને છોકરાઓના શોખ અને જરૂરિયાતમાં ક્યારેય કોમ્પ્રોમાઇઝ ના કરવું પડે. બફાઈ જવાય એવા રસોડામાં કામ કરતા કરતા એના મગજમાં અનેક વિચારો ચાલતા હોય છે. છતાં કોઈ કંઈ પણ બૂમ પાડે કે કઈ વસ્તુ માંગે તો એ તરત જ શોધીને આપે છે.સ્ત્રીમા લગ્ન જીવનને ટકાવી રાખી અને માંજીને જીવંત રાખવાની ખૂબી છે.

જેના માટે આખી જિંદગી નીચોવી નાખી એ સંતાનો જ્યારે પરદેશ ગમન કરે ત્યારે સમજાવતા જાય છે,હવે તું તારા બાકી રહેલા શોખ પૂર્ણ કર. હવે તું તારા માટે જીવજે. અને છતાં એ સ્ત્રી જ છે.. જે એ સ્વીકારીને એડજસ્ટ થઈને જીવે છે.

કવિ શ્રી નર્મદની એક પંક્તિથી હું મારા લેખનું સમાપન કરીશ.

× ધરતીનો છેડો એટલે ઘર અને એ મકાનને ઘર બનાવે એ પોતાની સ્ત્રી. ×

????ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ )

### ભવ્ય અને દીવ્ય ભારત વર્ષના સ્વપ્નદ્રષ્ટા આદરણીય, યશસ્વી, તેજસ્વી અને ઓજસ્વી

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભકામના પાઠવતા ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો. વલ્લભભાઈ કથીરિયા.



આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને તેમના જન્મદિવસ પર મારી હાર્દિક અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. શ્રી મોદીજીનું અસાધારણ નેતૃત્વ, દૂરંદેશી અને રાષ્ટ્ર પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા સમગ્ર ભારત અને વિશ્વના લાખો લોકોને પ્રેરણા આપતી રહે છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી સાથે વર્ષોથી નજીકથી કામ કરવાનું વિશિષ્ટ સન્માન મળ્યું છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે મને ગુજરાત ગૌ સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરીને એક મહત્વપૂર્ણ જવાબદારી સોંપી. આ ભૂમિકાએ મને ગૌ કલ્યાણ માટે જુસ્સાથી કામ કરવાની તક આપી, જે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોના સંવર્ધનમાં વિશેષ યોગદાન આપી શકે તેમ છે. તેમના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ૨૦૧૯ થી રાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ તરીકે સેવા આપવાનો લહાવો મળ્યો. આ તકે ગૌ આધારિત ઉદ્યોગો, શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાના મારા કાર્યને સમગ્ર દેશભરમાં વિસ્તાર્યું, અને રાષ્ટ્ર કલ્યાણ અર્થે ગાયોના સંરક્ષણ અને પાલનપોષણના મિશનને આગળ વધાર્યું. આ સદ્કાર્યમાં શ્રી મોદીજીનું સતત માર્ગદર્શન અને સમર્થન અને મળતું રહ્યું જેથી અમોને આ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરવા સક્ષમ બનાવ્યા.

આદરણીય મોદીજી સાથે કામ કરતા મારી શરૂઆતના ઈ.જી.જી. ની શાખાના સમયથી બંધાયેલા બંધનને શેર કરતાં ગૌરવ અનુભવું છું, જ્યાં અમે પ્રતિબદ્ધ ઈજીજી કાર્યકર્તા તરીકે સેવા અને રાષ્ટ્રભક્તિ ના ગુણો પ્રાપ્ત કર્યા. તેમનું સમર્પણ, પ્રામાણિકતા અને શ્રેષ્ઠતાની અવિરત શોધ ત્યારે પણ સ્પષ્ટ હતી, અને એક સમર્પિત કાર્યકરથી વૈશ્વિક નેતા સુધીની તેમની સફરનો સાક્ષી બનવાનો આનંદ છે.

આજે, જ્યારે હું અનુભવોને પ્રતિબિંબિત કરું છું, ત્યારે આવા અનુકરણીય નેતા સાથે કામ કરવાની તક મળી તે બદલ હું ખૂબ જ ગૌરવ અનુભવું છું. ભારતના વિકાસ અને વૈશ્વિક ચિંતનમાં તેમનું યોગદાન અજોડ છે, ચાલો આપણે સૌ તેમના નેતૃત્વ હેઠળ એક મજબૂત, આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણમાં આપણા સામૂહિક પ્રયાસો દ્વારા યોગદાન આપીએ.

આ ખાસ દિવસે, હું તેમના સારા સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને આપણા મહાન રાષ્ટ્રની સેવામાં સતત સફળતા માટે મારી નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરું છું.

# આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ વચ્ચે સંતુલન બનાવવું જરૂરી છે - આચાર્ય લોકેશજી

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર'ના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીએ દિલ્હી એનસીઆરમાં સંપર્ક ભારતી દ્વારા આયોજિત સનાતની પ્રોફેશનલ સેમિનારને સંબોધતા જણાવ્યું હતું કે, "ભારતના યુવાનોનું પ્રગતિ અને વિકાસમાં તે જ સ્થાન છે જે રીતે કરોડરજ્જુનું શરીરમાં છે. વિશ્વના દરેક ખૂણામાં ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધિત વ્યાવસાયિકો દરેક ક્ષેત્રમાં યોગદાન આપી રહ્યા છે. તેમનું વિશ્વના આર્થિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, તબીબી, વિજ્ઞાન




વગેરે તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન છે."

કાર્યક્રમને મહંત શ્રી બાલકનાથ, જર્મનીથી આવેલા કાર્યક્રમ સંયોજક વિકાસ કુમાર, ડૉ. મુથુસ્વામી ગુરુજી અને ડૉ. કર્નલ તેજ તુક્કુજીએ સંબોધિત કર્યા હતા. આયોજકોએ આચાર્યશ્રી લોકેશજીનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

ગુરુગ્રામમાં અહિંસા વિશ્વ ભારતી દ્વારા સ્થાપિત વર્લ્ડ પીસ સેન્ટરનું ટૂંક સમયમાં ઉદઘાટન થવા જઈ રહ્યું છે.જ્યાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે યોગ અને ધ્યાનના વિશેષ કાર્યક્રમો ચલાવવામાં આવશે. આધ્યાત્મિક વિકાસ અને ભૌતિક વિકાસ વચ્ચે સંતુલન બનાવવું જરૂરી છે, યુવાનો આ ક્ષેત્રમાં ઘણું યોગદાન આપી શકે છે.

# બરવાળા નગરપાલિકા દ્વારા "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અન્વયે બરવાળા એસ. ટી. ડેપો ખાતે સાફ-સફાઈ કરવામાં આવી




બરવાળા નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી આર.જી.ઝાલાના દિશાનિર્દેશ અન્વયે બરવાળા નગરપાલિકા ખાતે "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ યોજાયો હતો. બરવાળા એસ. ટી. ડેપો ખાતે સામુહિક સફાઈ કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બરવાળા નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી, નગરપાલિકાના અન્ય સભ્યશ્રીઓ અને શહેર સંગઠનના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ નગરપાલિકાના કર્મચારીશ્રીઓ તથા તમામ સફાઇ કામદારોએ ઉપસ્થિત રહી શ્રમદાન કર્યું હતું.

### ડાંગ નાં શિક્ષણ જગતને કલંકીત કરતું વિધાર્થી સ્કોરલશીપ ફ્રીશીપ કાર્ડ મહાકૌભાંડ

# એસ.એસ .માહલા કોલેજ માં સિલાઈ મશીન માટે ડોકયુંમેન્ટ અન્ય રેગ્યુલર કોર્ષ માં એડમીશન બતાવી વિધાર્થીઓની સ્કોલરશીપ કરોડો રૂપિયા ગપચાવી સરકાર અને આદિવાસીઓનાં હક પર મારી તરાપ



### ભોગ બનનાર લાભાર્થીઓએ/વિધાર્થીઓએ સમાજકલ્યાણ અધિકારીને લેખિત ફરીયાદ આપી રૂપિયા કઢાવવા માટે ખોટું બેંક એકાઉન્ટ ખોલવા બાબતે અને ધમકી આપવા બાબતે રજુઆત કરાયા અને ગ્રાઉન્ડ રિપોર્ટ કરી કરોડોનાં મહાભષ્ટ્રાચારને ઊજાગર કરતાં શિક્ષણ જંગમાં સનાટો મચી ગયો છે

આહવા-ડાંગ

ડાંગ જિલ્લાનાં વધઈ તાલુકા કુંકડનખી ગામ માં આવેલી એસ.એસ.માહલા કોલેજ માંથી ગરીબ આદિવાસી દિકરીઓને પગભર થવા માટે જાહેરાત આપી સિલાઈ મશીન માટે રૂ.૩૦૦ ફી લઈ લાભાર્થીઓની જાણ બહાર તેમનાં ડોકયુમેન્ટનો ખોટો ઊપયોગ કરી એક વર્ષનાં કોર્ષમાં બોગસ એડમીશન બતાવી વિધાર્થીઓનાં સ્કોલરશીપ નાં નાણાં ખોટા બેંક એકાઊન્ટ માં જમા કરાવી તે ઊપાડી આપવા માટે લાભાર્થીઓને સરકારી કચેરી ના નામે ધાક-ધમકી આપતા લાભાર્થીઓએ સમાજ કલ્યાણ ને લેખિત ફરીયાદ આપીયા બાદ આ કરોડોનાં સ્કોરલશીપ,ફ્રીશીપ કાર્ડ પ્રકરણ ની સિલાઈ મશીન માટે ફોર્મ ભરનારા લાભાર્થીઓ અને માહલા કોલેજનાં બતાવાયેલાં ડમી વિધાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર કૌંભાડની નો પડદાફાશ કરતાં શિક્ષણ જંગત માં તેમજ ડાંગ જિલ્લા માં ચકચારી મચી જવા પામી છે. ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા નાં આંબાળીયા ગામની પવાર ભારતીબેન હેમંતભાઈ અને પવાર રાનીબેન કાળાભાઈ એ ડાંગ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી વિક્રાંત.જે. થોરાટ ને લેખિત ફરીયાદ આપી તેમાં જણાવ્યું છે વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં ડાંગ જિલ્લાનાં વધઈ તાલુકાનાં કુકડનખી ગામે આવેલી એસ.એસ.માહલા કોલેજ દ્વારા અખબારો માં પ્રેસનોટ આપી ગરીબ,જરૂરીયાતમંદ આદિવાસી દિકરીઓને સિલાઈ મશીન મળશે તેવી જાહેરાત કરી તે માટે ફોર્મ ભરાવી રૂ.૩૦૦ ફી લઈ અમારા ડોકયુંમેન્ટ વિપુલભાઈ દેશમુખ રહે.કલમવિહિર અને જયેશભાઈ રહે.દીવડ્યાવન લીધા હતાં જે બાદ જયેશભાઈએ ફોન કરી અમને જણાવ્યું હતું કે સિલાઈ મશીન નાં રૂ.૫૨૦૦૦ હજાર તમારા બેંક એકાઊન્ટ માં જમાં થયાં છે તે તમારે ઊપાડી આપવા પડશે ઊપાડી નહી આપો તો નિયમો અનુસાર કાર્યવાહી થશે ની ધાક-ધમકી આપી હતી જે બાદ તેઓ ખાનગી વાહન માં આંબાળીયા ગામે પહોંચી જઈ રૂપિયા ઊપાડી આપવા માટે ધાક-ધમકી આપી આહવા ખાતે લઈ આવી મહેન્દ્રભાઈ નાં દુકાન પાસે સિવણ મશીન સાથે ફોટા પાડી સિવણ મશીન પણ આપ્યું ધાક-ધમકી આપી તેમનાં આબાળિયા ગામે આવી સરકારનાં રૂ.૫૨૦૦૦ હજાર જમા થયેલાં છે ઊપાડી આપવા પડશે સરકાર માંથી અમારા પર કોલ લેટર આવેલો છે જે બાદ અમને તેની કારમાં બળ જબરી થી બેસાડી સાપુતારા ગ્રામીણ બેંકમાં લઈ જઈ પોતે જ પોતાનાં હાથે ઊપાડ સ્લીપ ભરી મારી બળજબરી પુર્વક સહી કરાવી રૂપિયા ઊપાડી લીધાં હતાં. ડોકયુંમેન્ટનો ખોટી રીતે ડીપ્લો માં ઈન મેડીકલ લેબોટરી ટેકનોલોજી (હ્રસ્ન્) કોર્ષ માં ખોટી રીતે અમારૂ એડમીશન બતાવી અમારી જાણ બહાર બેંક એકાઊન્ટ ખોલી સ્કોલરશીપ નાં લાખો રૂપિયા ઊપાડી લીધા છે તેમજ અમને ધાક-ધમકીઓ પણ આપવામાં આવી છે તેમજ અમારા ડોકયુંમેન્ટ નો દુરઊપયોગ કરી છેતરપીડી કરેલ છે જેની સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરાઈ છે

> ## એસ.એસ.માહલા કોલેજ માં ચાલતાં કોર્ષ
>
> **મહાલા કોલેજ માં ચાલતાં વિવિધ કોર્ષો જેવા કે બેચરલ રૂરલ સ્ટડી,બેચરલ કોમ્પ્યુટર ટેકનોલોજી, ઓપરેન થિએટર (ઓ.ટી).ડીપ્લો માં ઈન મેડીકલ લેબ ટેકનીશન,ફાયર સેફટી ,હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટ,લાઈવ સ્ટોક ઈન્સપેક્ટ,ફેશન ડીઝાઈનીગ ચાલે છે બી.એસ.સી,જી.એન.એમ,એ.એન.એમ જેવા નસિંગનાં કોર્ષ ચાલે છે .**

ન હતું તેમજ પેટીએમ દ્વારા રૂ.૪૪૦૦૦ હજાર તેમનાં બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતાં જયારે બીજા બનાવમાં ભારતીબેન ને એસ.એસ.મહાલા કોલેજનાં માવજીભાઈ ભોયે એ

અમે એસ.એસ.માહલા કોલેજમાં લાભાર્થી તરીકે સિવણ મશીન મેળવવા માટે ફોર્મ ભર્યુ હતું તો અમારા એકાઊન્ટ માં સ્કોલરશીપ કયાં બાબતની જમાં થઈ છે કોલેજ દ્વારા અમારા

સ્કોરલશીપ અને ફ્રીશીપ કાર્ડ પ્રકરણ ને ઊજાગર કરવાં અને તેની સત્યતા તપાસવાં માટે એસ.એસ.માહલા કોલેજ નાં વિધાર્થીઓ અને સિલાઈ મશીન માટે ફોર્મ ભરનારા લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ તપાસતા ચોકાવનારી હકીકત બહાર આવી હતી લાભાર્થીઓએ તેમનાં ડોકયુમેન્ટ સિવણ કલાસ અને સિવણ મશીન માટે આપ્યાં હતાં એસ.એસ.માહલા કોલેજ માં ચાલતાં રેગ્યુલર વિવિધ કોર્ષ અને તેમની હાજરી અંગે અજાણ હતાં તેઓ કોઈ દિવસ સિવણ કલાસ કે અન્ય અભ્યાસ માટે ગયાં નથી સમાજ કલ્યાણ વિભાગ દ્વારા તેમનાં ખાતામાં સ્કોરલશીપ કે ફ્રીશીપ કાર્ડ અને તેમાં આવેલાં રૂપિયાની જાણ નથી તેમનાં ખાતામાં આવેલાં રૂપિયા સિલાઈ મશીન નાં છે અને તે તેઓએ માહલા કોલેજનાં એજન્ટોને ઊપાડી આપ્યાં છે મોટાભાગે પોસ્ટ બેંક માં ખાતાઓ ખોલવામાં આવ્યાં હતાં જેમાં મોબાઈલ નંબર પણ ખોટા આપ્યાં હતાં એસ.એસ માહલા કોલેજ જયારથી શરૂ ત્યારથી તપાસ કરવામાં આવે તો કોલેજનાં સંચાલકો અને એજન્ટો દ્વારા લાભાર્થીઓનાં ડોકયુંમેન્ટનો ખોટો ઊપયોગ કરી તેમને રેગ્યુલર વિધાર્થી બતાવી વિધાર્થી દીઠ રૂ.૫૨૦૦૦ હજાર થી લઈ એક લાખથી દોઢ લાખ સુધી સરકારની સ્કોરલશીપ અને ફ્રીશીપ કાર્ડ નાં કરોડો રૂપિયા ઊપાડી લેવાનો કૌંભાડ પ્રકાશમાં આવ્યો છે આ સમગ્ર પ્રકરણની તળિયા ઝાટક તપાસ કરવામાં આવશે તો સરકાર દ્વારા ગરીબ આદિવાસી વિધાર્થીઓનાં અપાતી સહાય ની રકમ કોલેજનાં સંચાલકો ,એજન્ટો અને મળતિયાઓ ખાઈ ગયાં છે નું બહાર આવશે સમગ્ર અંદાજીત રૂ.૫ થી કરોડનો કૌંભા ડાંગની વિવાદીત મહાલા કોલેજ સામે અગાઊ પણ વાંસદાની નર્સીગની વિધાર્થીઓને અન્ય કોલેજ માં લઈ જવા માટે આપતાં ન હતાં આદિવાસી નેતા વાંસદાનાં ધારાસભ્યએ આંદોલન કરતાં વિધાથી થાળે પડયું હતું

## રીજનેબલ અને કસ્ટમરીનું કારણ જણાવી અંશતઃ ક્લેઈમ મંજુર કરતી વીમા કંપનીને ગ્રાહક કોર્ટની લપડાક

ફરીયાદી મીરા મહેન્દ્ર અગ્રવાલ (સીનીયર સીટીઝન) પોતાની ડાબી અને જમણી આંખોમાં મોતીયાનું ઓપરેશન કરાવેલ. જેનો કુલ ખર્ચ રૂ. ૨,૧૦,૦૦૦/- થયેલ. જે અંગેનો ક્લેઈમ ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીમાં કરેલ. જેમાં વીમા કંપની દ્વારા રૂ. ૨,૧૦,૦૦૦/- માંથી માત્ર રૂ. ૪૮,૦૦૦/- મંજુર કરેલ અને બાકીની રકમ રૂ. ૧,૬૨,૦૦૦/- રીજનેબલ અને કસ્ટમરીના હેડ નીચે નામંજુર કરેલ. જેની સામે ફરીયાદીએ વીમા કંપની સામે ગ્રાહક કોર્ટમાં ફરીયાદ કરેલી. ફરીયાદી તર્ફે જિલ્લાના જાણીતા અને ગ્રાહક સુરક્ષા કેસના સ્પેશિયાલીસ્ટ એડવોકેટશ્રી હસમુખ બી. ગિરનારા દ્વારા આ કેસ લડવામાં આવેલ. જે અરજી ગ્રાહક કોર્ટમાં ચાલી જતા ગ્રાહક કોર્ટના પ્રમુખશ્રી પી.પી. મેખિયા તથા સભ્યશ્રી ડો. તીર્થેશભાઈ મહેતા દ્વારા રીજનેબલ અને કસ્ટમરી અંગેનો સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી તેવા તારણ પર આવી વીમા કંપની દ્વારા રીજનેબલ અને કસ્ટમરીના હેડ હેઠળ કાપી લીધેલ રૂ. ૧,૬૨,૦૦૦/- માંથી ૧૦% કો-પેમેન્ટ બાદ કરી બાકીની રકમ રૂ. ૧,૪૫,૮૦૦/- અરજીની તારીખથી ૮ ટકા ચડત રકમ ચુકવવાનો આદેશ કરેલો તથા શારીરિક-માનસિક ત્રાસના રૂ. ૩૦૦૦/- તથા અરજી ખર્ચના રૂ. ૨૦૦૦/- સહિતની તમામ રકમ ૩૦ દિવસમાં ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરેલો.

## જાયન્ટસ ગ્રૂપ ઓફ બોટાદ દ્વારા જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી અંતર્ગત મુક્તિધામ ખાતે પર્યાવરણ શિબિર યોજાઈ

**ન્યૂઝ ઓફ ગાંધીનગરઃભાવેશ પરમાર (બોટાદ)**

આંતરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સંલગ્ન જાયન્ટસ ગ્રૂપ ઓફ બોટાદ દ્વારા જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી અંતર્ગત બોટાદ મુક્તિધામ ખાતે પંડિત દીનદયાળ ન. પ્રા શાળા બોટાદનાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓની પર્યાવરણ /પ્રકૃતિ શિબિર યોજાઈ.આ પ્રસંગે મુક્તિધામનાં પ્રણેતા જાયન્ટ્સ ફેડરેશન યુનિટ ડિરેક્ટર ગ્રીનમેન સી.એલ.ભીકડીયા દ્વારા શ્રી ધન્વંતરિ ઔષધીય ઉપવનમાં આવેલ દિવ્ય ઔષધીય વનસ્પતિનો પરિચય અને ઉપયોગ વિશે સુંદર માહિતી આપેલ અને વિદ્યાર્થીઓને વધુ વૃક્ષો વાવવા પર વ્યક્તવ્ય આપેલ.આ પ્રસંગે જાયન્ટ્સ સંસ્થાના ઉપપ્રમુખ અને જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી કમિટીના ચેરમેન દિલીપભાઈ ભલગામીયા , શિક્ષક શ્રી બીનાબેન પટેલ ઉપસ્થિત રહેલ.પર્યાવરણ જનજાગૃતિ સ્વચ્છતા અભિયાન અન્વયે વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર મુક્તિધામ પરિસરમાંથી પ્લાસ્ટિક કચરો એકત્ર કરવામાં આવેલ.

## ‘સ્વચ્છ ભારત અભિયાન’ અંતર્ગત સમગ્ર રાજ્ય સાથે બોટાદ જિલ્લામાં પણ સ્વચ્છતા હી સેવા અભિયાનનો આરંભ




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત ‘સ્વચ્છ ભારત અભિયાન’ અંતર્ગત સમગ્ર રાજ્ય સાથે બોટાદ જિલ્લામાં પણ સ્વચ્છતા હી સેવા અભિયાનનો આરંભ થયો છે. બોટાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અંતર્ગત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ રાણપુર તાલુકાના ઉમરાળા ગામ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેઠીબેન પરમાર, ગઢડાના ધારાસભ્ય મહંતશ્રી શંભુપ્રસાદજી ટુંડિયા તેમજ ધંધૂકાના ધારાસભ્યશ્રી કાળુભાઈ ડાભીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે ધારાસભ્ય મહંતશ્રી શંભુપ્રસાદજી ટુંડિયાએ બોટાદવાસીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, “આજે ખૂબ જ સારો યોગ છે, આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે, જે નીમિત્તે આપણે સ્વચ્છતા પખવાડિયાની ઉમરાળા ગ્રામ પંચાયતથી શરૂઆત કરી રહ્યા છે, અને સાથે સાથે ‘એક પેડ માં કે નામ‘ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી રહ્યા છે. આ ત્રિવેણી સંગમ સમયે હું સર્વે ગામવાસીઓ સ્વચ્છતાનો આગ્રહ રાખે તેવું નમ્ર નિવેદન કરું છું.” ધારાસભ્યશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, “‘૨૦૪૭ વિકસિત ભારત’નું આપણું જે સ્વપ્ન છે તે સાકાર કરવામાં તેના પાયામાં સ્વચ્છતા હી સેવા અભિયાન છે. સ્વચ્છાગ્રહ દ્વારા આપણે આપણાં ઘરની સાથોસાથ શેરી, આંગણું ,ગામ, તાલુકો અને જિલ્લો સ્વચ્છ રાખીશું અને તેના દ્વારા વિકસિત ભારતના સ્વપ્નમાં આપણું યોગદાન આપીશું. સ્વચ્છાગ્રહ દ્વારા સ્વચ્છતા માટે જનભાગીદારી થકી જ આપણે સ્વચ્છ ભારત અને સ્વચ્છ બોટાદનું નિર્માણ કરી શકીશું.”

આ પ્રસંગે ધારાસભ્યશ્રી કાળુભાઈ ડાભી દ્વારા ઉમરાળા ગામના રહેવાસીઓને અને સરપંચશ્રીને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, “રાણપુર તાલુકાનું ઉમરાળા ગામ સ્વચ્છતાની દ્રષ્ટિએ ઉમદા કામગીરી કરી રહ્યું છે. ઉમરાળા ગામમાં ભીના અને સૂકા કચરાનો નિકાલ કરવામાં આવે છે અને ગામમાં સ્વચ્છતા જાળવી રાખવામાં આવે છે તે જોતાં રાણપુર તાલુકાનું ઉમરાળા એક આદર્શ ગામ છે. ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત આપણે વૃક્ષારોપણ કરીએ છીએ, આપણે રોપાઓ વાવીએ છીએ, પરંતુ રોપા વાવવાથી વૃક્ષોનું જતન નહી થાય. આજે રોપાઓ વાવવામાં આવે છે એનું બે થી ત્રણ વર્ષ ધ્યાન રાખવામાં આવે અને તેમનો એક બાળકની જેમ ઉછેર કરવામાં આવે ત્યારે વટ વૃક્ષ બનેલા આ ઝાડ પર્યાવરણનું જતન કરશે. મીઠા ફળ આપશે. આ રીતે આપણે આપણી જનનીનું ઋણ ચૂકવી શકીશું.” જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં મીઠાપરા રેખાબેન કે જે તેમના ઘરના આંગણાની સાથોસાથ આજુબાજુના ફળિયાની પણ સફાઈ રાખીને સ્વચ્છતામાં શ્રમદાન આપી રહ્યા છે તેમને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઘરે ઘરે જઈને ક્લોરીનેશનનું કામ કરતા જગદીશભાઈ વસાણી અને સફાઈ કામદાર તરીકે સેવા આપતા શારદાબેન ઘેલાને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ ઉમરાળા ગામમાં ઈલેક્ટ્રીક રીક્ષા દ્વારા ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાની કામગીરી કરતા ભાવેશભાઈ વાઘેલાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ વેળાએ ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત ઉપસ્થિત આગેવાનશ્રીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

### મોદી સમાજ દ્વારા ભારત ના લોકલાડીલા વડાપ્રધાન અને સમાજ ગૌરવ એવા

## શ્રી નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસ માનવ સેવા દિન તરીકે ઉજવી ૧૩૬ જેટલી બોટલ નું રક્ત દાન કર્યું



ભારત ના લોકલાડીલા વડાપ્રધાન અને સમાજ ગૌરવ એવા શ્રી નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસ નિમિતે સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ,શ્રી મોઢ વણિક મોદી સમાજ અમદાવાદ, સિલ્વર ઓક યુનિવર્સિટી અમદાવાદ અને ઈન્ડિયન રેડ ક્રોસ દ્વાર માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસ નિમિતે બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન અમદાવાદ ગોતા ખાતે સિલ્વર ઓક યુનિવર્સીટી ના સી વી રમણ હોલ માં કરવા માં આવ્યું આ કાર્યક્રમ માં મોદી સમાજ ના સભ્યો તેમજ સિલ્વર ઓક યુનિવર્સીટી નાં વિદ્યાર્થી ઓ એ મોટી સંખ્યા હાજર રહી ૧૩૬ બોટલ જેટલું બ્લડ ડોનેટ કરી માના. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ના જન્મ દિવસ ને માનવ સેવા ના સંકલ્પ સાથે ઉજવ્યોઆ કાર્યક્રમ માં અમદાવાદ શહેર ના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન અને સિલ્વર ઓક યુનિવર્સીટી ના શ્રી જનકભાઈ ખાંડવાલા અને સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ના મહામંત્રી શ્રી હસમુખ ભાઈ મોદી એ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી બ્લડ દાતા ઓ ને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન એ સમાજ ની આ પ્રેરણાદાયી પ્રવૃત્તિ ને બિરદાવતા વડાપ્રધાનશ્રી ના જન્મ દિવસ ની અનોખી ઉજવણી કરવા બદલ સમાજ ના સૌ હોદ્દેદારો ને અભિનંદન આપ્યા હતાઆ પ્રસંગે સમાજ ના અન્ય હોદ્દેદારો શ્રી વિનોદભાઈ મોદી, શ્રી અતુલ ફડીયા,શ્રીમતી હીનાબેન મોદી,શ્રી પંકજ ભાઈ જી મોદી,શ્રી વિરાગ મોદી, શ્રી સંજય મોદી, શ્રી જયેશ ભાઈ મોદી વિગેરે એ હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો

**અહેવાલઃ વિનોદ મોદી**

## જાયન્ટ્સ ગ્રૂપ ઓફ બોટાદ દ્વારા ૧૭ સપ્ટેમ્બર થી ૨૪ સપ્ટેમ્બર -૨૦૨૪ જાયન્ટ્સ સપ્તાહ ઉજવણીનો શુભારંભ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી

**ન્યૂઝ ઓફ ગાંધીનગરઃભાવેશ પરમાર (બોટાદ)**

જાયન્ટસ ગ્રૂપ ઓફ બોટાદ દ્વારા જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી નિમિત્તે તા.૧૭/ ૯/૨૪થી તા.૨૩/ ૯/૨૪ અંતર્ગત અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમો દ્વારા શુભારંભ કરવામાં આવ્યો.

તા.૧૭/૯/૨૪ ને મંગળવારના રોજ લેઉવા પટેલ સમાજની વાડી હિફલી - બોટાદ ખાતે કરવામાં આવેલ. જેમાં શ્રીમતી સોનાલીબેન શાહ બ્લડબેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ માં ૭૪ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવેલ. જયારે મેડીકલ, આયુર્વેદિક અને હોમિયોપેથીક ફ્રી સર્વરોગ નિદાન કેમ્પમાં ૫૫૦ દર્દી તપાસી તમામ દર્દીઓનેને વિનામૂલ્યે દવા વિતરણ કરેલ તેમજ ૨૮ સગર્ભા બહેનો ને,૩૦ કુપોષિત બાળકો અને ૩૫ ટી.બી.ના દર્દીઓને કીટ વિતરણ કરવામાં આવેલ.આ પ્રસંગે બોટાદ જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુડાણિયા , મધુસુદન ડેરીના ચેરમેન ભોળાભાઈ રબારી , વાઈસ ચેરમેન મેપા ભાઈ મારુ, માજી ધારાસભ્ય ડો.ટી.ડી.માણિયા , જાયન્ટ્સ ગ્રૂપ ઓફ બોટાદના પ્રમુખ ચંદુભાઈ સાવલિયા, જાયન્ટ્સ ફેડરેશન પ્રમુખ કેતન ભાઈ રોજેસરા ,યુનિટ ડીરેક્ટર સી.એલ.ભીકડીયા, નાયબ પોલીસ અધિક્ષક મહર્ષિ રાવલ, સુરેશ ભાઈ ગોધાણી , રેખાબેન ડુંગરાણી ,જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી કમીટીના ચેરમેન - ઉપ પ્રમુખ દિલીપભાઈ ભલગામીયા , દીપકભાઈ માથુકિયા ,દર્શન પટેલ ,લાલજીભાઈ કળથીયા , જાયન્ટ્સ ગૃપ??ના હોદ્દેદારશ્રીઓ- સભ્યો વગેરે હાજર રહી કાર્યક્રમ સફળ બનાવેલ. જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી ઉદઘાટન કાર્યક્રમ માં બોટાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મધુસુદન ડેરી નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. આ વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા પોલીસ વડા બરોળિયા , ગઢડા ના ધારાસભ્ય શમ્ભુનાથ ટૂંડિયા , જિલ્લા પંચાયત પ્રમુખ જેઠી બેન પરમાર, ભાજપ જિલ્લા પ્રમુખ મયુર ભાઈ પટેલ , યાર્ડ ના ચેરમેન મનહરભાઈ માતરિયા , ઘનશ્યામભાઈ વિરાણી વગેરે મુલાકાત લઈ કામગીરી ની સરાહના કરેલ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.